


**મોડાસા, મેઘરજ, માલપુર પંથકમાં વરસાદી ઝાપટું પડતા વાતાવરણમાં ઠંડક**

અરવલ્લી જીલ્લામાં મેઘરાજાએ રીસામણા કરતા ૧૦ દિવસથી વધુનો સમય વીતવા છતાં વરસાદથી વંચિત રહેતા ખેડૂતો ભારે વિમાસણ અનુભવી રહ્યા છે. વરસાદી ખેતી પર નિર્ભર ભૂમિપુત્રો બરબાદીના કગારે ઉભા છે. વરસાદ ખેંચાતા વાતાવરણમાં અસહ્ય ઉકળાટ અને બફારા સહીત ગરમીથી તોબા પોકારી ઉઠ્યા છે. જીલ્લાના આકાશે વાદળોની ઘેરાબંધી અને આવન-જાવન વચ્ચે મંગળવારે વહેલી સવારે મોડાસા, મેઘરજ અને માલપુર પંથકના કેટલાક વિસ્તારોમાં વરસાદી ઝાપટું પડતા વાતાવરણમાં સહિત લહેર પ્રસરતા લોકોએ ઉકળાટ બફારાથી આંશિક રાહત અનુભવી હતી. જીલ્લાના ખેડૂતો ખેતરમાં લહેરાતો પાક વરસાદના અભાવે નષ્ટ થવાની ભીતિ પેદા થતા મેઘરાજા મહેરબાન થાય તેવી આકાશ તરફ મીટ માંડી બેઠા છે.

# ટાટ પરીક્ષા પેપર લીક પ્રકરણમાં અરવલ્લી જિલ્લાનો એક શિક્ષક મુખ્ય સૂત્રધાર હોવાની ચર્ચા

**અગાઉ પણ અપંગતા અને રમત-ગમતના ખોટા સર્ટિફિકેટ્સમાં કરોડો રૂપિયાની કમાણીના આક્ષેપ : પેપર લીક થયા અંગે રાજ્ય પરીક્ષા બોર્ડમાં લેખિત ફરિયાદથી હડકંપ**

મોડાસા, તા. ૮

ગુજરાત રાજ્ય સરકારમાં વિવિધ સરકારી ભરતીમાં ભારે ભ્રષ્ટાચાર આદરવામાં આવતો હોવાની અનેક બૂમરાણો વચ્ચે ૨૯ જુલાઈના રોજ માધ્યમિક સ્કૂલમાં શિક્ષકોની ભરતી માટે યોગ્યતા કસોટી લેવાઈ હતી. જેમાં અરવલ્લી જીલ્લાના એક શિક્ષક અન્ય બે વ્યક્તિઓ સાથે મળી અને આ કૌભાંડમાં ખેડા જીલ્લાના શિક્ષણ સાથે સંકળાયેલા શિક્ષણ માફિયાઓ પણ સંકળાયેલા હોવાની સાથે પરીક્ષાની આગલી રાત્રીએ કોબા નજીકની એક હોટલમાં પરીક્ષાર્થી દીઠ ૫ થી ૭ લાખ રૂપિયા લેવાયા હોવાના અને પેપર સોલ્વ કરાવવામાં આવ્યા હોવાનો સનસનાટીભર્યા આક્ષેપ સાથે રાજ્ય પરીક્ષા બોર્ડમાં લેખિત ફરિયાદ કરતા અરવલ્લી જીલ્લામાં હડકંપ મચ્યો છે. અરવલ્લી જિલ્લામાંથી મોટેપાયે આ શખ્સે નોકરીની લાલચે કરોડો રૂપિયા ખંખેરી લીધા હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. શિક્ષણ માફિયાના સંપર્કમાં રહેલા કે પછી નોકરી મેળવવા લાખ્ખો રૂપિયા આપનાર ઉમેદવારો અને પરિવારજનો સહીત વચોટિયાઓમાં ભૂકંપ સર્જાયો હોવાની ચર્ચા ટોક ઓફ ધી ટાઉન બની છે.

અરવલ્લી જીલ્લામાં ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કર્યા પછી હજ્જારોની સંખ્યામાં યુવા બેરોજગારો નોકરીના અભાવે ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. ''લોભિયા હોય ત્યાં ધુતારા ભૂખે ન મરે''ની જેમ આવા બેરોજગાર યુવાનોને કેટલાક શખ્સો અને દલાલ ટોળકી શિકાર બનાવી કરોડો રૂપિયા ઓળવી જતા હોય છે અને ભોગ બનનારની સ્થિતિ કોઠીમાં મોઢું સંતાડીને રોવાનો વારો આવતો હોય છે. આવુ જ મસમોટું કૌભાંડ અરવલ્લી જીલ્લાના બાયડ-ધનસુરામાં ફરજ બજાવતા શિક્ષક દ્વારા આચરવામાં આવતા અને ટાટ પરીક્ષામાં કેટલાક મળતીયાઓ દ્વારા પેપરલીક કરી ઉમેદવાર દીઠ ગાંધીનગરની હોટલમાં ૫ થી ૭ લાખ રૂપિયા ઉઘરાવી પેપર સોલ્વ કરાવવામાં આવ્યું હોવાની રાજ્ય વિભાગમાં કરેલ અરજી અને માહિતી વાઈરલ થતા હોશિયાર વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ઉગ્ર રોષ ફાટી નીકળ્યો છે અને જીલ્લા પોલીસવડાએ સાઈબર ક્રાઈમ હેઠળ અને શિક્ષણ ખાતા તરફથી તપાસ કરવામાં આવેની માંગ પ્રબળ બની છે. આ કૌભાંડમાં ઉછેલ નામનો શિક્ષક અગાઉ પણ રમત-ગમત અને વિકલાંગના ખોટા સર્ટિફિકેટ્સની લ્હાણી કરી કરોડો રૂપિયા લોકો પાસેથી ખંખેરવામાં આવ્યા હોવાનો આક્ષેપ પણ કરવામાં આવ્યો છે.

ભ્રષ્ટાચાર મુક્ત રાજ્યના બણગા ફૂંકતી રાજ્ય સરકારમાં રાજ્ય ભ્રષ્ટાચાર અને કૌભાંડથી ખદબદી રહી છે. તલાટી કૌભાંડ અને અગાઉ પણ ટેટ, ટાટની પરીક્ષામાં ભ્રષ્ટાચાર આદરવામાં આવ્યો હોવાની સાથે સરકારી નોકરી મેળવવા નાણાંની કોથળીઓ ખુલ્લી મુકાતી હોવાની બુમરાણ વચ્ચે વધુ એક કૌભાંડ ટાટ પરીક્ષામાં કૌભાંડ આચરવામાં આવ્યું હોવાની પોસ્ટ સોશ્યલ મીડિયામાં વાઈરલ થતા સરકારના દાવાઓ પોકળ સાબિત થતા હોય તેવું લોકો અનુભવી રહ્યા છે. બેરોજગાર હોશિયાર યુવાનો-યુવતીઓ આઘાતમાં સરી પડ્યા છે અને પરીક્ષા રદ કરવાની માંગ સાથે કૌભાંડીઓને જેલના સળિયા પાછળ ધકેલી દેવા પ્રબળ માંગ ઉઠી છે. કેટલાક પૈસાદાર નબીરાઓ પૈસાના જોરે સરકારી નોકરી મેળવવા અધીરા બનતા હોય છે, લોકો સરકારી નોકરીની જાહેરાત પડે તેની સાથે પાસ થવા આવા કૌભાંડી લોકો અને દલાલોને મળવા રીતસરના દોડ લગાવતા હોવાની સાથે પૈસા ગુમાવવા પડ્યા હોવાની ઘટનાઓ છાસવારે બનતી હોય છે.




ભિલોડા આર.જે.તન્ના પ્રેરણા મંદીર વિદ્યાલયમાં એન.સી.સી. કેડેટ્સ ધ્વારા વૃક્ષારોપણ કરાયું હતું. વૃક્ષારોપણ કાર્યક્રમમાં ૩૪ બટાલીયન હિંમતનગરના હવલદાર કુલદિપસિંહ હાજર રહ્યા હતા. આર.જે.તન્ના પ્રેરણા મંદીર વિદ્યાલય આચાર્ય, એન.સી.સી. ઓફીસરએ જણાવ્યું હતું કે એક બાળ એક ઝાડ ઉક્તિને સાર્થક કરાવી દરેક કેડેટ્સએ એક ઝાડ ઉગાડવું જોઈએ તેનું જતન પણ એક પરીવારના સભ્યની માફક કરવું જોઈએ તો જ ભવિષ્યમાં આપણે ગ્લોબલ વોર્મિંગથી સુરક્ષીત રહી શકીશું તેમ જણાવ્યું હતું.આર.જે.તન્ના પ્રેરણા મંદીર વિદ્યાલય સ્ટાફ પરીવાર,વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ઊંઝાના રાજમાર્ગો પરના દબાણો હટાવવા ઉગ્ર માંગ

ઊંઝા, તા. ૮

વેપારીમથક અને યાત્રાધામ ઊંઝા શહેરના મુખ્ય રાજમાર્ગો પર રાહદારીઓને અંતરાયરૂપ બનેલ ફૂટપાથ પરના દબાણો દૂર ન કરાતાં લોકો પરેશાની ભોગવી રહ્યા છે.

ઊંઝા શહેરમાં લોકો અને વાહનોની અવરજવરથી ધમધમતા મુખ્ય જાહેર રાજમાર્ગ પર છેલ્લા કેટલાયે વખતથી રસ્તાની બંને બાજુએ ફૂટપાથ પર દબાણોનો રાફડો જામ્યો છે. રાહદારીઓ માટેની ફૂટપાથ પર દુકાનદારો પોતાની ચીજવસ્તુઓના વેચાણ માટે બોર્ડ મુકે છે. મોબાઈલ શોપવાળા પણ બોર્ડ મુકતા હોય છે. આ ઉપરાંત લારીઓ અને દ્વિચક્રી વાહનો મુકાય છે. જે રાહદારીઓ માટે ભારે નડતરરૂપ બનતા હોઈ રાહદારીઓને ના છૂટકે વાહનોની અવરજવરવાળા માર્ગ પર ચાલવાની ફરજ પડે છે. પરિણામે તેઓને સતત અકસ્માતનો ભય રહ્યા કરે છે. શહેરમાં છેલ્લા ઘણા સમયથી આવી સ્થિતિ પ્રવર્તે છે. તેમ છતાં સ્થાનિક નગરપાલિકા તેમજ પોલીસતંત્રને જાણે કંઈજ પડી નથી.

રાજ્યભરમાં ટ્રાફિકની સમસ્યાને હલ કરવા તેમજ ગેરકાયદેસર દબાણોને દૂર કરવા માટે તંત્રો તરફથી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ત્યારે ઊંઝા શહેરમાં આવી કાર્યવાહી ક્યારે થશે ? તેવો પ્રશ્ન શહેરીજનોમાં ઉઠ્યો છે.

# અરવલ્લી જિલ્લામાં છ પોલીસ કર્મચારીઓને વહીવટી કારણોસર બદલીનો આદેશ

મોડાસા, તા. ૮

અરવલ્લી જીલ્લા પોલીસ વડા મયુર પાટીલે ચાર્જ સંભળાતી સાથે જીલ્લા પોલીસતંત્રમાં ફરજ બજાવતા અધિકારીઓ અને કર્મચારીઓ તેમની કાર્યશૈલીથી પ્રભાવિત જોવા મળી રહ્યા હોય તેવો અહેસાસ જીલ્લાના પ્રજાજનો અનુભવી રહ્યા છે. જીલ્લા પોલીસવડાએ જીલ્લમાં ફરજ બજાવતા ૬ પોલીસ કર્મચારીઓની વહીવટી કારણોસર બદલી કરી સવારે ૧૦ વાગે બદલી કરાયેલ ૬ પોલીસકર્મીઓને હેડક્વાટર હાજર થવા આદેશ કરવામાં આવ્યો હતો. જીલ્લા પોલીસવડાએ છિપેલો બદલીના ગંજીફાથી જીલ્લા પોલીસતંત્રમાં ફરજ બજાવતા અધિકારીઓ અને કર્મચારીઓમાં હડકંપ મચ્યો છે.

અરવલ્લી જીલ્લા પોલીસવડા મયુર પાટીલે જીલ્લા પોલીસતંત્રમાં ફરજ બજાવતા ૬ કર્મચારીઓની બદલીના આદેશ અપાતા એકજ સ્થળે વધુ સમય ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓના માથે પણ બદલીનો ભય તોળાઈ રહ્યો છે. જીલ્લા એલસીબીમાં ફરજ બજાવતા વીરભદ્રસિંહ રણજિતસિંહ, અશોકકુમાર સુરેશભાઈ શામળાજી પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા અભેસિંહ કોદરસિંહ, મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનના રમેશભાઈ ભલાભાઈ, ધનસુરા પોલીસ સ્ટેશનના ભરતસિંહ હરેન્દ્રસિંહ અને માલપુર પોલીસ સ્ટેશનના દશરથસિંહ નરેન્દ્રસિંહ જાહેરહિતમાં બદલી કરતા તમામ કર્મચારીઓને તાત્કાલિક ૧૦ વાગે હેડક્વાટર પર હાજર થવાનો આદેશ આપવામાં આવતા પોલીસ કર્મચારીઓમાં હડકંપ મચ્યો હતો.

અરવલ્લી જીલ્લાના પોલીસ સ્ટેશનમાં તો કેટલાક પોલીસ કર્મચારીનો દબદબો હોવાની સાથે એકજ સ્થળે નોકરી બજાવવામાં સફળ રહેલા કર્મચારીઓમાં ભારે ફફડાટ ફેલાયો છે.





**મોડાસા શહેરના કોલેજ રોડ પર પોલીસતંત્રની ટ્રાફિક ડ્રાઈવથી વાહનચાલકોમાં દોડધામ**

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં ટ્રાફિકની સમસ્યા નગરજનો માટે માથાનો દુખાવો બની રહેતા નવનિયુક્ત જીલ્લા પોલીસવડા મયુર પાટીલે ટાઉન પોલીસ અને ટ્રાફિક પોલીસને શખ્ત કાર્યવાહી કરવા સૂચના અપાતા ટ્રાફિકની સમસ્યા હળવી બની હતી. મોડાસા બસ સ્ટેન્ડ પાછળથી કોલેજ રોડ સુધી ટ્રાફિક સમસ્યા યથાવત રહેતા બુધવારે પી.આઈ. દેસાઈ, જીલ્લા એલસીબી પી.આઈ. રબારી અને પીએસઆઈ સોલંકી સહીત પોલીસકર્મચારીઓના મોટા કાફલા સાથે ટ્રાફિક ડ્રાઈવ કરવામાં આવી હતી અને ૧૫ થી વધુ વાહનો ડિટેન કરવામાં આવતા પોલીસ તંત્રની કામગીરીથી બચવા વાહનચાલકો દોડધામ કરતા નજરે પડતા હતા. પોલીસતંત્રની કામગીરીને પ્રજાજનોને આવકારી હતી.

# મોડાસા એસ.પી. કચેરી ખાતે શાંતિ સમિતિની બેઠક યોજાઈ

મોડાસા, તા. ૮

અરવલ્લી જીલ્લાના પોલીસવડા તરીકે મયુર પાટીલે ચાર્જ સાંભળતાની સાથે જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાય અને અમલવારી માટે અને મોડાસા શહેરમાં ટ્રાફિક સમસ્યા અને હિન્દુ-મુસ્લિમ સમાજના તહેવારો માટે બંદોબસ્ત સહીત વિવિધ મુદ્દે ચર્ચા કરવામાં આવી હતી. મોડાસાના પ્રથમ નાગરિક મેયર સુભાષભાઈ શાહ, નિલેશભાઈ જોશી (જીવદયાપ્રેમી), દેવલ ત્રિવેદી દ્વારા પુસ્તકથી અભિવાદન કરવામાં આવ્યું હતું. બંને સમાજના અગ્રણીઓ દ્વારા ફુલહાર અને પુષ્પગુચ્છથી એસપી મયુર પાટીલને સન્માનિત કર્યા હતા.



મોડાસા એસપી કચેરી ખાતે મળેલી શાંતિ સમિતિની બેઠકમાં પોલીસવડા મયુર પાટીલે ગણેશ મહોત્સવ અને નવરાત્રી મહોત્સવના આયોજકો માટે સીસીટીવી લગાવવા સૂચના આપી હતી. કોલેજ રોડ પર ટ્રાફિક સમસ્યા અંગે અખ્તર ચિસ્તી, સર્વોદય બેન્કના ચેરમેન ઈકબાલ ઈપ્રોલીયા, રોડ ટ્રાન્સપોર્ટના ચેરમેન રઝાકભાઈ ટીંટોઈયા, મન્સુર બેલીમ સહીત મુસ્લિમ અગ્રણીઓ સાથે ચર્ચા કરી ટ્રાફિક હટાવવા માટે સહયોગ આપવાનું જણાવ્યું હતું. કોલેજરોડ પર આવેલી પોલીસ ચોકી પણ ટૂંક સમયમાં કાર્યરત કરવામાં આવશે સહીત શહેરમાં કાયદો અને વ્યવસ્થા અંગે હિન્દુ-મુસ્લિમ સમાજના અગ્રણીઓ સાથે ચર્ચા કરવામાં આવી હતી.

મોડાસા શહેરની વર્ષો જૂની ટ્રાફિક સમસ્યા દૂર કરવામાં આવતા શહેરના અગ્રણીઓએ પોલીસવડાનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.



દિલ્હી, ઓરગેનાઈઝ્ડ આંતરરાષ્ટ્રીય સંસ્થા, ઈન્ટરનેશનલ એન્ટી ટેરોરીઝમ મૂવમેન્ટ (IATM)ના ગુજરાત પ્રદેશ માટે દિનેશ કે. પટેલ (ડી.કે.)ને અધ્યક્ષ તરીકે જ્યારે પ્રકાશ ઉપાધ્યાય (પી.યુ.)ને મહા સચીવ તરીકે તાજેતરમાં નીમણૂક થયેલ છે.

## પાલ્લા આર.એચ.પટેલ વિદ્યાલયની વિદ્યાર્થીની યોગાસન સ્પર્ધામાં જીલ્લામાં પ્રથમ

ભિલોડા તાલુકાના પાલ્લા ગામની શ્રી આર.એચ.પટેલ વિદ્યાલયની વિદ્યાર્થીની યોગાસન સ્પર્ધામાં જીલ્લામાં પ્રથમ ક્રમાંક મેળવી પાલ્લા ગામનું ગૌરવ વધારતાં આનંદની લાગણી પ્રસરી છે.શ્રી આર.એચ.પટેલ વિદ્યાલયની વિદ્યાર્થીની કુ.બિંકલકુમારી જગતસિંહ ચંપાવતએ અરવલ્લી જીલ્લા કક્ષાની માલપુર ખાતે યોજાયેલ યોગાસન સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે.શાળા સંચાલક મંડળ મંત્રી ભાનુપ્રસાદ જોષી,આચાર્ય ગજાનંદભાઈ પ્રજાપતી,માર્ગદર્શક શિક્ષક એમ.એમ.સુથાર સહિત સ્ટાફ પરીવારએ વિદ્યાર્થીનીને બિરદાવી હતી.

## ભિલોડા અને મેઘરજ તાલુકામાં ૨૫,૦૦૦ વૃક્ષો વાવવાનો શુભારંભ

અરવલ્લી જીલ્લાના ભિલોડા અને મેઘરજ તાલુકામાં ૨૫,૦૦૦ વૃક્ષો વાવવાનો શુભારંભ કરાયો છે.વૃક્ષોના વાવેતરનો શુભારંભ બાળકોના વરદ્ હસ્તે કરાયો હતો.વિશ્વ આદિવાસી દિવસના શુભ અવસરે ભારતીય આદિવાસી અધિકાર પંચ,ગુજરાતના હોદ્દેદારો અને કાર્યકરો ધ્વારા પર્યાવરણ બચાવો,વધુ વૃક્ષ વાવો વધુ વરસાદ લાવો તેવા મુખ્ય ઉદ્દેશ સાથે ૨૫,૦૦૦ વૃક્ષો વાવવાનો સંકલ્પ લીધો છે.ભિલોડા અને મેઘરજ તાલુકાના અંતરીયાળ ડુંગરાળ વિસ્તારોમાં વૃક્ષોના છોડની રોપણીનું કાર્ય ઠેર-ઠેર પુર જોશમાં ચાલી રહ્યું છે.

## ભિલોડા તાલુકા ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો

ભિલોડા,તા.૭

ભિલોડા તાલુકા ક્ષત્રિય ઠાકોર સેના ધ્વારા નવા ભવનાથ મહાકાળી મંદીરના પટ્ટાંગણમાં પર્યાવરણની જાળવણી અને જન જાગૃતિ સંદર્ભે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો.ભિલોડા તાલુકા ક્ષત્રિય ઠાકોર સેના પ્રમુખ મગનજી ઠાકોર,મંત્રી સાંકાજી ઠાકોર,ભિલોડા તાલુકાની ટીમ,ગામ સમિતીઓના સામાજીક આગેવાનો,નવયુવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# રાણાવાડાજા ગામે આતંક મચાવનાર જંગલી વાનર પાંજરે પુરાયો

કાંકરેજ તાલુકાના રાણાવાડાજા ગામે થોડા દિવસોથી જંગલી વાનરના હુમલા વધિગયા હતા તેથી ગામલોકો ભયભીત થઈ ગયા હતા અને કોઈ બહાર પણ નીકળતા નહતા, કારણ કે ત્રણ દિવસ અગાઉ રાવલ રાજુભાઈ રઘુભાઈ ની ત્રણ વર્ષ ની દીકરી અશ્વિબેન ઉ. વ. ૩ પોતાના ઘરે ધાબા પર રમતી હતી ત્યારે જંગલી વાનરે અચાનક હુમલો કરતા ગંભીર રીતે ઘાયલ થઈ હતી અને બૂમો પાડતા ઘરના સભ્યો દોડી આવી દીકરી ને વાનરના પંજામાથી છોડાવી હતી અને તાત્કાલિક શિહોરી સરકારી હોસ્પિટલ ખાતે લઈ ગયા હતા અને સારવાર દરમ્યાન અશ્વિને ૧૫૦ ટાકા આવ્યા હતા ત્યાર પછી વધુ સારવાર પાટણ અપાવી હતી ત્યારબાદ બીજા દિવસે આ ગામના જ સોમાભાઈ નથુરામભાઈ રાવલને આ જંગલી વાનરે પોતાનો શિકાર બનાવ્યા હતા અને આખા શરીરે બચકા ભર્યા હતા તેથી ગામ લોકો ગભરાઈ ગયા હતા અને કોઈ એકલો માણસ ખેતરો મા જતા પણ ડરતો હતો ત્યારે રાણાવાડા સરપંચે વન વિભાગ ને જાણ કરતા ફિરેસ્ટરો એ પાંજરું ગામ મા મૂક્યું હતું પણ વાનરો પકડાયા ન હતા ત્યારે ગામ મા વાનર નો આતંક વધતા આજે



શિહોરી ફોરેસ્ટ ટિમ ના ફોરેસ્ટર આર એફો. આર. સી. મકવાણા. વી. વી. ચારણ. એન. સી. ચૌધરી. પી. એચ. રબારી. મમતાબેન ચૌધરી. બચુભા દરબાર. ગામમા આવી ખુબજ જહેમત ઉઠાવી આ વાનરને પાંજરે પૂર્યો હતો ત્યારે ગામ લોકો એ રાહતનો દમ લીધો છે

## મોડાસાની શ્રીમતી વી.વી. શાહ એમ.એસ.સી. કોલેજમાં એન્ડ્રોઈડ વિષય પર સેમિનાર

મોડાસા, તા. ૮

શ્રી મ.લા. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી વિ.વિ. શાહ એમ.એસ.સી. (સીએ ઓરિયેન્ટેડ માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમમાં સંસ્થાના તમામ વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.



એન્ડ આઈટી) કોલેજ, મોડાસા એન્ડ્રોઈડ વિષય ઉપર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગરથી ટેક ઈન્ફીનીટીમાંથી આવેલ ડાયરેક્ટર સેજલ જાદવે આ સેમિનારમાં વિદ્યાર્થીઓને એન્ડ્રોઈડમાં એપ્લિકેશન બનાવવા પર માર્ગદર્શન આપ્યું હતું. તથા તેમની સાથે પધારેલ પ્રિત વ્યાસે વિદ્યાર્થીઓને ટેકનોલોજી

આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રભારી મંત્રી અરવિંદભાઈ જે. મોદી હાજર રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. સંસ્થાના આચાર્ય પરિમલ એમ. શાહે અભિનંદન પાઠવ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા સ્ટાફ મિત્રોએ ભારે જહેમત ઉઠાવી હતી. આ સમગ્ર સંચાલન પ્રો. આકાશગીરી ગોસ્વામીએ કર્યું હતું.

# ડીસા નવજીવન બી.એડ્. કોલેજ ખાતે મોટીવેશન સેમિનાર અને સન્માન સમારોહ યોજાયો

ડીસા, તા. ૮

બનાસકાંઠાના ડીસા ખાતે કાર્યરત નવજીવન એજ્યુકેશનલ ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત નવજીવન બી.એડ્. કોલેજ ખાતે મોટીવેશન સેમિનાર અને સન્માન સમારોહ યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆતમાં દિપ પ્રાગટ્ય અને પ્રાર્થના કરાયા બાદ મહેમાનોનું શાબ્દીક સ્વાગત કોલેજનાં આચાર્યા ટીનુબેન સોની દ્વારા કરાયું હતું. આ પ્રસંગે ઉત્તર ગુજરાત યુનિવર્સીટીના ઈ.સી.મેમ્બર, નેશનલ એક્ઝુકેટીવ કમીટી મેમ્બર અને તાજેતરમાં ગુજરાત પ્રદેશ ભાજપના લોકસભા બેઠકની પ્રભારી ટીમમાં નિમણૂક પામેલા ડૉ. હિતેષભાઈ ચૌધરીનું સાલ ઓઢાડી પુષ્પગૃચ્છ દ્વારા સન્માન કરાયું હતું. આ પ્રસંગે ડૉ. હિતેષભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે સોસિયલ મિડીયા ઘણું જ એક્ટીવ છે. તેનાથી ૨૦૧૪ની ચૂંટણીમાં બદલાવ આવ્યો છે ત્યારે તેમણે શિક્ષણમાં પણ બદલાવની જરૂરીયાત પર ભાર મૂકી તાલીમર્થીઓને સતત મહેનત કરી સારી કારકિર્દી બનાવવા આહવાન કર્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત મોટીવેટર સ્પીકર દેવરાજભાઈ ચૌધરીએ તાલીમાર્થીઓને જુદા-જુદા પ્રેરક પ્રસંગો થમી કેવી રીતે અભ્યાસ કરવો તે વિશે સુંદર માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ પ્રસંગે કોલેજના સંચાલક ઈશ્વરભાઈ ચૌધરી, સંસ્થાના પ્રમુખ ડૉ. દજાભાઈ પટેલ, ટ્રસ્ટી બાબુભાઈ પટેલ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સમગ્ર સંચાલન પ્રા. અમિતકુમાર સોલંકીએ જ્યારે આભારવિધિ પ્રા.પ્રફુલ્લભાઈ પટેલે કરી હતી. આ સેમિનારમાં સેમ-૧ને સેમ-૩નાં તમામ તાલીમાર્થીઓએ હાજર રહી પ્રેરણાદાઈ માર્ગદર્શન મેળવ્યું હતું.



ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી મોડાસા દ્વારા ડીઝાસ્ટર મેનેજમેન્ટની તાલીમ મોડાસા ખાતે યોજાઈ. જેમાં વિવિધ કોલેજના ૪૦ વિદ્યાર્થી ભાઈ-બહેનો ભાગ લીધો હતો. જેમાં ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી રાજ્ય શાખાના ડીઝાસ્ટર મેનેજમેન્ટ ડાયરેકટર સુરેશભાઈ ગામી તેમજ ઝંખનાબેન તથા રેડક્રોસ સોસાયટી મોડાસાના હાર્દિક શ્રીમાળી તથા રિયાઝભાઈ ખેરડાએ કાર્યક્રમને સફળ બનાવો હતો.